# *વડોદરા ગ્રામ્ય, વડોદરા ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરી*
# *તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૨૧/૦૫/૨૦૧૭*

## *વરણામા પો.સ્ટે. જુગાર ગણનાપાત્ર કેસ*

શ્રી **સૌરભ તોલંબિયા**, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લાના તમામ અધિકારીશ્રીઓને જુગારની પ્રવૃતી કરતા ઇસમો ઉપર વોચ રાખી કોઇ અસામાજીક પ્રવૃતી જણાઇ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ. જે આધારે શ્રી સત અ.હે.કો. પ્રવિણસિંહ સોમસિંહ બ.નં.૭૯૧ નોકરી કેલનપુર આઉટ પોસ્ટ વરણામા પોલીસ સ્ટેશન, વડોદરા ગ્રામ્ય વડોદરા નાઓને મળેલ બાતમી આધારે મોજે કપુરાઇ ગામે રેઇડ પાડતા (૧) રાજેશભાઇ બાબુભાઇ વસાવા, રહે-પાણીગેટ બાવચાવાડ, રામગઢ ઝુપડપટ્ટી, વડોદરા શહેર (૨) પિન્ટુભાઇ સંતોષભાઇ ઠાકોર, રહે-રામનગર, સરદાર એસ્ટેટ પાસે, આજવા રોડ, વડોદરા શહેર (૩) ઉજવલભાઇ રાજેશભાઇ રાવળ, રહે-૧૦૨/ ભાગ્ય લક્ષ્મી નગર, સરદાર એસ્ટેટ પાછળ, આજવા રોડ, વડોદરા શહેર (૪) રાજેશભાઇ બાબુભાઇ રાઠોડીયા, રહે-વાડી, ચંન્દ્ર પ્રભાત નગર, ઝુપડીપટ્ટી, વડોદરા શહેર (૫) કલ્પેશભાઇ ફોગટભાઇ વસાવા, રહે- ઉકાજીનુ વાડીયુ, લાલાજી ડુપ્લેક્ષની બાજુમા, ડભોઇ રીંગ રોડ, વડોદરા શહેર (૬) વિકકીભાઇ લાલાભાઇ કહાર, રહે- કિશાનવાડી, ઝંડાચોક, ગધેડા માર્કેટ પાસે, વડોદરા શહેર (૭) કાલકટ પ્રસાદ રમેશભાઇ કહાર, રહે-લકુલેશ નગર-૧, ઘર નંબર-૧૦૧, આજવા રોડ, વડોદરા શહેર (૮) સુનિલભાઇ કનૈયાલાલ કહાર, રહે-પાણીગેટ, વલીમેન્સીન બિલ્ડીંગ, સાંઇબાબાના મંદીરની પાછળ, ઝુપડપટ્ટીમા, વડોદરા શહેર (૯) વિજયભાઇ સુકાભાઇ વસાવા, રહે-રામદેવ નગર-૧, ઘર નંબર-૧૭૯, આજવારોડ, વડોદરા શહેર તથા નાસી જનાર ઇસમો પોતાના ફાયદા સારૂ પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા દાવ ઉપરના રોકડા રૂ.૨૧,૧૦૦/- તથા પકડાયેલ આરોપીઓની અંગ ઝડતીમાથી મળી આવેલ રોકડ રૂ.૯,૦૭૦/- મળી કુલ રોકડા રૂ.૩૦,૧૭૦/- તથા મોબાઇલ ફોન નંગ-૫ કિ.રૂ. ૭૫૦૦/- તથા મો.સા. નંગ-૫ તથા એક ઓટો રિક્ષા મળી કિ.રૂ.૨,૨૪,૦૦૦/- તથા પત્તા પાના નંગ-૫૨, કિ.રૂ. ૦૦/- મળી કુલ રૂ. ૨,૬૧,૬૭૦/- ના મુદ્દામાલ સાથે કુલ-૯ ઇસમો સ્થળ ઉપરથી જુગાર રમી રમાડતા પકડાઇ જઇ ગુનો કર્યા વિગેરે બાબતનો ગુનો તા.૧૭/૦૫/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. **જે મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી વરણામા પો.સ્ટે.માં ગુનો રજિસ્ટર કરવામાં આવેલ છે.**

*<u>ડભોઇ પો.સ્ટે. જુગાર ગણનાપાત્ર કેસ</u>*

શ્રી **સૌરભ તોલંબિયા**, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય, વડોદરા નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લાના તમામ અધિકારીશ્રીઓને જુગારની પ્રવૃતી કરતા ઇસમો ઉપર વોચ રાખી કોઇ અસામાજીક પ્રવૃતી જણાઇ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ. જે આધારે **અ.મ.સ.ઇ.કાદરભાઇ ઇબ્રાહીમભાઇ બ.નં. ૭૮૩ નોકરી ડભોઇ પો.સ્ટે.** વડોદરા ગ્રામ્ય, વડોદરા નાઓને પ્રોહી અંગે બાતમી મળતા **મોજે ડભોઇ ટાઉનમાં સુંદરકુવા વ્હોરવાડ ખાતે રેઇડ** આ કામના તો.દારો (૧) ઇકબાલ ઉર્ફે ડેની સફીભાઇ મન્સુરી રહે,ડભોઇ વ્હોરવાડ તા-ડભોઇ (૨) સાજીદભાઇ મલંગભાઇ મન્સુરી રહે,રામટેકરી દશાલાલ વાડી તા-ડભોઇ (૩) સાજીદભાઇ ગુલામભાઇ કાકુજીવાલા રહે,ડભોઇ સોનેશ્વર પાર્ક રામટેકરી તા-ડભોઇ (૪) શૈલેષભાઇ રમણભાઇ વસાવા રહે,ડભોઇ રેલ્વે ગોદી મહુડી ભાગોળ તા-ડભોઇ નાઓ તો.દાર.નં.૧ ના મકાનમાં બીજા માળે મકાનમાં પત્તા પાના વડે પૈસાથી જુગાર રમી રમતા રેડ દરમ્યાન દાવ પરના રૂ.૧૦,૪૦૦/- અંગ ઝડતીના રૂ. ૧૪૭૨૦/- મોબાઇલ નંગ-૪ કિ.રૂ. ૫૩૦૦/- હીરો હોન્ડા પેશન પ્રો જેની કિ.રૂ.૩૫,૦૦૦/- તથા સાદડીની કિ.રૂ.૫૦/- તથા પત્તા પાનાં નંગ-૫૨ કિ.રૂ.૦૦/- મળી કુલ કિં.રૂ. ૬૫૪૭૦/- નો મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ ગુનો કર્યા વિ.બાબતનો ગુનો તા.૨૧/૦૫/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. **<u>જે મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી વાઘોડીયા પો.સ્ટે.માં ગુનો રજિસ્ટર કરવામાં આવેલ છે.</u>**